દાખલ તા. ૨૯ /૦૫/૨૦૨૬
ફેસલ તા. ૦૬/૦૬ /૨૦૨૬
અવધિ:–
દિવસ– ૭ , માસ–૦૦, વર્ષ–૦૦

**ગાંધીનગર જિલ્લાના પાચમાં અધિક જિલ્લા ન્યાયાધીશશ્રીની અદાલત સમક્ષ,**
**મુકામ–ગાંધીનગર**

**<u>ક્રિમીનલ પરચુરણ અરજી નં. ૮૪૨/૨૦૨૬</u>**
**આંક :**

**અરજદાર :–** **શૈલેષકુમાર કુબેરભાઈ પટેલ**
ઉ.વ.: ૫૮, ધંધો: ખેતી,
રહે: ૧૭૧, મોટોવાસ, રબારીવાસની બાજુમાં,
લવારપુર, તા.જી.ગાંધીનગર

**વિરૂધ્ધ**

**સામાવાળા :– ૧)** **પટેલ ચિરાગભાઈ રમણલાલ**
ઉ.વ.: ૩૮, ધંધો: નોકરી,
રહે: જી/૮૦૧, શરણમ સ્કાયવ્યુ, સાર્થક હેવનની
બાજુમાં, પીડીપીયુ ક્રોસ રોડ, ભઈજીપુરા
બસ સ્ટોપની સામે, તા.જી.ગાંધીનગર.

**૨)** **શ્રી સરકાર**

.

---

**બાબત : વિલંબ માફ કરવાની અરજ**

---

**અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી ટી.એમ.રાઠોડ**
**સામાવાળા નં.૧ મુળ ફરિયાદી તરફે એસ . કે. પટેલ**
**સામાવાળા નં. ૨ તરફે વિધ્વાન પ્રોકસી વકીલ શ્રી આર એલ પટેલ**

---

:: <u>ઠ રા વ</u> ::

૧. આ અરજી ક્રિમીનલ કેસ નંબર ૪૨૦/૨૦૨૪ ના કેસમાં તા. ૨૦/૧૧/૨૪ નારોજ સજાનો હુકમ કરવામાં આવ્યો તે હુકમની સામે અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવા આ અરજી રજુ કરવામાં આવેલ છે.

૨. અરજદાર તરફે વિ.વ.શ્રી હાજર છે. તેમની રજુઆત છે કે ક્રિમીનલ કેસ નંબર ૪૨૦/૨૦૨૪ ના કેસમાં થયેલ હુકમથી અરજદાર નારાજ છે. જેથી અપીલ દાખલ કરવા માંગે છે, પરંતુ અરજદાર કાયદાના અજ્ઞાન હોય તેઓને કોર્ટના આખરી હુકમની જાણ થયેલ ન હોય જેથી સમય મર્યાદામાં અરજી દાખલ કરી શકેલા નથી. જેથી અરજી દાખલ કરવામાં થયેલ ૫૫૪ દિવસનો વિલંબ માફ કરી અપીલ રજીસ્ટરે લેવા વિનંતી કરેલી છે.

૩. મૂળ ફરિયાદી તરફે વિ.વ.શ્રી.એસ.કે.પટેલે રજૂઆત કરી જણાવેલ છે કે અરજદાર ક્રિમી કેસ ૪૨૦/૨૦૨૪ ના કામે ટ્રાયલ કોર્ટમાં સમન્સની બજવણી થતા હાજર થયેલ નથી. અરજદાર જાણી બુઝીને સતત ગેરહાજર રહેલા છે અને સદર અરજી કરવામાં ખૂબ મોટો વિલંબ થયેલો છે. ૫૫૪ દિવસના વિલંબ પછી આ અરજી દાખલ કરવામાં આવી છે. વિલંબ માટેના કોઈ કારણ જ દર્શાવેલા નથી. તે સંજોગોમાં અરજી નામંજુર કરવી જોઇએ.

૪. રજુઆતો સાંભળી મારું એવું માનવું છે કે વિલંબ માફ કરવો જોઇએ કારણકે અરજદારની સામે જે સજાનો હુકમ થયેલો છે તે હુકમને અરજદાર અપીલ કોર્ટ સમક્ષ પડકારવા માંગે છે વિ.ટ્રાયલ કોર્ટે જે હુકમ કરેલ છે તેને અપીલ અદાલત ફરીથી ચકાશે તેવી અરજદારની રજુઆત છે. જો વિલંબ માફ કરવામાં આવે તો દેખીતી રીતે સામાવાળા ફરિયાદીને કોઇ નુકશાન નથી અને અપીલ એ કાયદાએ આપેલો

અધિકાર છે.જો વિલંબ માફ ન કરીએ તો અરજદાર આ અધિકારથી વંચીત રહી જશે તે સંજોગોમાં વિલંબ માફ કરવો જોઇએ તેમ માનું છું અને નીચે મુજબનો હુકમ કરું છું

**:: આખરી હુકમ::**

– અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

– ક્રિમીનલ કેસ નંબર ૪૨૦/૨૦૨૪ ના કેસમાં થયેલ સજાના હુકમ વિરુધ્ધ અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરવામાં આવે છે અને આ સાથે સામેલ અપીલ મેમોને હવે ક્રિમીનલ અપીલ તરીકે રજીસ્ટરે લેવો.

– આ અપીલ રજીસ્ટરે લીધા બાદ નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટના આદેશ અનુસાર જે તે નકકી કરેલ કોર્ટ સમક્ષ આખરી સુનાવણી માટે એલોટ કરવી.

આ હુકમ આજ તા.૬ જૂન, સને –૨૦૨૬ નારોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૬/૦૬/૨૦૨૬ (વિરેન્દ્રસિંહ જી.રાણા)
ગાંધીનગર. પાચમાં એડી. સેશન્સ જજ,
ગાંધીનગર.
**GJ00964**